## ગૂજરાત વિદ્યાપીઠ
### અમદાવાદ

## સામયિક ડિજિટલ માધ્યમ દ્વારા ઉપલબ્ધ બનાવવા માટેની કન્સલ્ટન્સી (Consultancy) સેવા યોજના

# PRASAR – પ્રસાર

(Periodical Resource Access & Scholarly Archive Repository)



## પ્રસ્તાવના (Introduction)

આજના ઝડપી વિકસતા ડિજિટલ યુગમાં જ્ઞાન ઉત્પાદન, સંચાર અને પ્રસારણ જેવા ક્ષેત્રોમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે ત્યારે પરંપરાગત મુદ્રણને આધુનિક ડિજિટલ ટેકનોલોજી સાથે સંકલિત કરવું આજના સમયમાં અત્યંત આવશ્યક બની ગયું છે. શૈક્ષણિક અને સંશોધન આધારિત સામયિકોને વૈશ્વિક સ્તરે, વ્યાપક રીતે મહત્તમ લોકો સુધી પહોંચાડવાની જરૂરિયાત વધી રહી છે. પરંપરાગત મુદ્રણ આધારિત પ્રકાશન પ્રણાલીને આધુનિક ડિજિટલ પ્લેટફોર્મ સાથે જોડીને, આ સંકલન દ્વારા સંશોધન કાર્યને વધુ વ્યાપકતા, ઝડપી પ્રસાર અને વૈશ્વિક ઓળખ પ્રાપ્ત થાય છે, જે જ્ઞાનવિસ્તાર અને નવીનતા માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

આ પરિસ્થિતિમાં, ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા PRASAR - (Periodical Resource Access & Scholarly Archive Repository) નામની સામયિક ડિજિટલ માધ્યમ દ્વારા વ્યાપક રીતે ઉપલબ્ધ બનાવવાની કન્સલ્ટન્સી સેવાની યોજના રજૂ કરવામાં આવે છે, જે પ્રિન્ટથી ડિજિટલ પ્રકાશન તરફ સરળ અને અસરકારક પરિવર્તન માટે માર્ગદર્શન અને ટૅક્નિકલ સહાય પૂરી પાડે છે. જે આ પ્રસ્તાવ અંતર્ગત, સામયિકની વેબસાઇટ માટેના અમલીકરણ અને સંચાલન સંબંધિત કન્સલ્ટિંગ સેવાઓ પ્રદાન કરવા બાબતે રજૂ કરવામાં આવ્યો છે.

## ઉદ્દેશ્ય (Objectives)

- પ્રિન્ટ સ્વરૂપના સામયિકોને ડિજિટલ પ્લેટફોર્મ પર પરિવર્તિત કરવા.
- સંશોધન સામગ્રીની વૈશ્વિક ઉપલબ્ધતા વધારવી.
- લેખકોને citation અને visibility માં સહાયરૂપ થવું.
- સામયિકોને આંતરરાષ્ટ્રીય ઇન્ડેક્સિંગ પ્લેટફોર્મ પર સમાવિષ્ટ કરવા.

## કન્સલ્ટન્સી યોજના અંતર્ગત આપવાની સેવાઓ (Consultancy Services)

આ યોજના અંતર્ગત નીચેની સેવાઓ પ્રદાન કરવામાં આવશે.

**1. OJS ઇન્સ્ટોલેશન અને માળખું** (Installation & Configuration):

- સર્વર પર Open Journal Systems નું ઇન્સ્ટોલેશન અને પ્રારંભિક સેટઅપ કરવું
- સંસ્થાની જરૂરિયાતો અનુસાર સિસ્ટમનું માળખું તૈયાર કરવું (જેમ કે: ભાષા, થીમ, પ્લગઇન્સ વગેરે)
- ડેટાબેઝ સેટઅપ અને જરૂરી ટેક્નિકલ રૂપરેખા તૈયાર કરવી
- એડમિન એકાઉન્ટ અને મૂળભૂત યુઝર રોલ્સ (Editor, Reviewer, Author) નિર્ધારિત કરવું
- સુરક્ષા માટે મૂળભૂત સેટિંગ્સ (બેકઅપ, ઍક્સેસ નિયંત્રણ વગેરે) ગોઠવવું

**2. ડિઝાઇન અને કસ્ટમાઇઝેશન** (Design & Customisation)

- સામયિકની ઓળખ મુજબ વેબસાઈટ ડિઝાઇન (લોગો, રંગયોજના, લેઆઉટ) તૈયાર કરવું
- Open Journal Systems માટે યોગ્ય થીમ પસંદગી અને કસ્ટમાઇઝેશન
- હોમપેજ, આર્કાઇવ, સબમિશન પેજ વગેરેનું સુવ્યવસ્થિત માળખું તૈયાર કરવું

**3. ડેટા જનરેશન અને માઇગ્રેશન** (Data Generation and Migration)

- હાલ ઉપલબ્ધ સોફ્ટ કૉપી (PDF/Word વગેરે)ને Open Journal Systems પર અપલોડ કરવી
- દરેક લેખ/અંક માટે જરૂરી મેટાડેટા (જેમ કે: શીર્ષક, લેખક, સારાંશ, કીવર્ડ્સ, વગેરે) તૈયાર કરવું
- મેટાડેટા સાથે સામયિકોને OJS પ્લેટફોર્મ પર સુવ્યવસ્થિત રીતે ઉપલબ્ધ કરાવવું
- જૂના અંકો (Back Issues)નું ડિજિટલ આર્કાઇવનું માળખું તૈયાર કરવું
- સામગ્રીને સંકલિત કરીને સર્ચ અને ઍક્સેસ માટે યોગ્ય રીતે ઉપલબ્ધ કરાવવી

**4.** SEO **અને ઇન્ડેક્સિંગ** (Indexing):

- સર્ચ એન્જિન ઓપ્ટિમાઇઝેશન (SEO) માટે OJS સેટિંગ્સનું માળખું તૈયાર કરવું
- Google Scholar જેવા ડેટાબેઝમાં ઇન્ડેક્સિંગ પ્લેટફોર્મમાં સામયિકની નોંધણી માટે માર્ગદર્શન

**5. તાલીમ અને સહાયતા** (Training & Support): **(જો જરૂર હોય તો)**

- સંપાદકીય ટીમ માટે પ્રાયોગિક તાલીમ (Editor/Reviewer/Author roles)
- સિસ્ટમ ઉપયોગ માટે માર્ગદર્શિકા (User Manual) પૂરી પાડવી
- હેન્ડ્સ-ઓન ટ્રેનિંગ સેશન અને ડેમો
- પ્રશ્નોત્તરી અને અનુસરણ સહાય (Post-training support)
- અમલીકરણ પછી પ્રારંભિક તબક્કા માટે ટેક્નિકલ સપોર્ટ અને આધાર

## આ યોજના હેઠળ,


✓ ક્લાઉડ સર્વર સુવિધા દ્વારા ડિજિટલ સામયિક ઉપલબ્ધ કરવામાં આવશે

✓ સિસ્ટમનું ઇન્સ્ટોલેશન તથા પ્રારંભિક સેટઅપ સંપૂર્ણપણે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા કરવામાં આવશે.

✓ સંસ્થાની જરૂરિયાત મુજબ કસ્ટમાઇઝેશન કરવામાં આવશે.

✓ ડેટા નિયંત્રણ, જાળવણી અને બેકઅપની વ્યવસ્થા ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા સંચાલિત રહેશે.

✓ જરૂરી ટેક્નિકલ સપોર્ટ પૂરો પાડવામાં આવશે



## શા માટે ગૂજરાત વિદ્યાપીઠ...

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રદાન કરવામાં આવતી આ કન્સલ્ટન્સી સેવા માત્ર ટેક્નિકલ સપોર્ટ પૂરતી મર્યાદિત નથી, પરંતુ શૈક્ષણિક મૂલ્યો, સામાજિક પ્રતિબદ્ધતા અને વિશ્વસનીયતા સાથે સંકલિત એક સર્વાંગી ઉકેલ પ્રદાન કરે છે.

### શૈક્ષણિક અનુભવ (Academic Expertise):

ગૂજરાત વિદ્યાપીઠ સંશોધન, પ્રકાશન અને જ્ઞાન પ્રસારના ક્ષેત્રમાં સમૃદ્ધ પરંપરા ધરાવે છે. આ અનુભવોના આધારે સામયિકોને ઉચ્ચ શૈક્ષણિક ધોરણો અનુસાર ડિજિટલ સ્વરૂપે વિકસાવવામાં માર્ગદર્શન આપવામાં આવે છે.

### વિશ્વસનીયતા (Reliability & Trust):

પારદર્શક પ્રક્રિયા, મજબૂત સંસ્થાગત માળખું અને જવાબદારીપૂર્ણ સેવાઓ દ્વારા ગૂજરાત વિદ્યાપીઠ વિશ્વાસપાત્ર સહયોગી તરીકે સ્થાપિત છે. ડેટા સુરક્ષા, જાળવણી અને સતત ટેક્નિકલ સહાયમાં ઉચ્ચ ગુણવત્તા માટે પ્રતિબદ્ધ છે.

### સંપૂર્ણ End-to-End Solution:

ઇન્સ્ટોલેશનથી લઈને ડિઝાઇન, ડેટા માઇગ્રેશન, ઇન્ડેક્સિંગ, તાલીમ અને ટેક્નિકલ સપોર્ટ સુધીની તમામ સેવાઓ એક જ છત્ર હેઠળ ઉપલબ્ધ છે, જે સંસ્થાઓ માટે સરળ, સુવ્યવસ્થિત અને અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરે છે.

### બિન-નફાકારક હેતુ (Non-profit Orientation):

ગૂજરાત વિદ્યાપીઠનો મુખ્ય ધ્યેય નફો કમાવવું નહીં, પરંતુ જ્ઞાનનું વ્યાપક અને સમાન વિતરણ સુનિશ્ચિત કરવું છે, જેથી વધુમાં વધુ લોકો સુધી ગુણવત્તાસભર સંસોધન સામગ્રી પહોંચે.

### જ્ઞાનની સર્વસામાન્ય પહોંચ (Inclusive Access):

ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા માહિતી અને સંશોધન સામગ્રી દરેક વર્ગ સુધી સરળતાથી પહોંચે તે માટે પ્રયત્નશીલ છે.

### ગ્રંથાલય ધોરણો પ્રત્યે પ્રતિબદ્ધતા:

ભારતમાં ગ્રંથાલયશાસ્ત્રના પિતા, ગ્રંથાલય વિજ્ઞાની Dr. S. R. Ranganathan ના સિદ્ધાંત — “દરેક પુસ્તકને તેનો વાચક મળવો જોઈએ અને દરેક વાચકને તેનું પુસ્તક મળવું જોઈએ” — ને કેન્દ્રમાં રાખીને જ્ઞાનનું સુવ્યવસ્થિત અને અર્થપૂર્ણ પ્રસાર કરવા પ્રયત્નશીલ છે.

# PRASAR – પ્રસાર કન્સલ્ટન્સી ફી માળખું

સામયિક ડિજિટલ માધ્યમ દ્વારા ઉપલબ્ધ બનાવવા માટેની કન્સલ્ટન્સી (Consultancy) સેવા યોજના માટે નીચેના દરો અમલી રહેશે. દરેક સેવા માટે લાગુ પડતો GST દર અલગથી ચૂકવવાનો રહેશે.

One-time setup

| વિગતો | Premium | Standard | Basic |
|---|---|---|---|
| સામયિક/મેગેઝીન સંખ્યા | 1 | 1 | 1 |
| Web Hosting and Domain name registration | સમાવિષ્ટ | સમાવિષ્ટ | સમાવિષ્ટ |
| One-time setup ફી | ₹ 55,000/- | ₹ 15,000/- | ₹ 10,000/- |
| Storage (વધારાના Storage માટે અલગથી ચુકવણી કરવાની રહેશે) | 25 GB storage | 25 GB storage | - |
| સેટઅપ સમયે Metadata સાથે લેખ અપલોડ સમાવિષ્ટ લેખની સંખ્યા | 3000 લેખ સુધી | ₹ 20/- પ્રતિ લેખ | ₹ 20/- પ્રતિ લેખ |
| વધારાના લેખ Metadata+અપલોડ ફી | ₹ 20/- પ્રતિ લેખ | - | - |
| Backups | અઠવાડિક | અઠવાડિક | - |
| સપોર્ટ/સહયોગ | ઇમેલ+ફોન | ઇમેલ + ફોન | ઇમેલ+ફોન |
| તાલીમ | 1 દિવસની virtual/on-site | 1 દિવસની virtual/on-site | 1 દિવસની virtual/on-site |
| Indexing | Google Scholar | Google Scholar | Google Scholar |

નોંધ:

1. લેખ સોફ્ટકોપીમાં પુરા પડવાના રહેશે.
2. દર વર્ષે વાર્ષિક Web Hosting અને Domain name registration દર જે તે સંસ્થાએ ભોગવવાનો રહેશે.
3. બીજા સામયિકના હોસ્ટીંગની One-time setup ફીમાં ₹ 15% વળતર અમલી રહેશે.
4. અન્ય સેવાઓ નિયત દરે રહેશે

## મૂલ્ય આધારિત સેવાઓ

| | |
|---|---|
| નવા લેખ અપલોડ ફી | ₹ 20/- પ્રતિ લેખ |
| લેખનું Digitization - Standard PDF | ₹ 5/- પ્રતિ પાના |
| લેખનું Digitization - OCR PDF | ₹ 25/- પ્રતિ પાના |
| Customization (One-time setup બાદ) | ₹ 5,000/- |
| કરાર તારીખ પૂર્ણ થયા પછી તાલીમ (on-site) | મૂલ્ય આધારિત |

ઉપરોક્ત નિર્દેશિત સેવાઓ સિવાયની અન્ય સેવાઓ માટે દ્વિપક્ષીય સહમતિથી દર નિયત કરવામાં આવેશે.

## Consultancy & Implementation Team

**ડૉ. વિરલ આસજોલા**
મદદનીશ ગ્રંથપાલ
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-09
94263 34054
viral@gujaratvidyapith.org

**ડૉ. પ્રદીપ પટેલ**
મદદનીશ ગ્રંથપાલ
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-09
99094 21310
pradip.lib@gujaratvidyapith.org

**શ્રી સન્ની થોમસ**
શાખા અધ્યક્ષ
આઈટી શાખા,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-09

**ડૉ. મહેશ પરમાર**
ગ્રંથાલય મદદનીશ
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-0

**શ્રી ગાયત્રી પ્રજાપતિ**
લાઈબ્રેરી એટેન્ડન્ટ
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-09





## ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય

આશ્રમ માર્ગ, નવરંગપુરા, અમદાવાદ – 380 009

079-40016211 | Web : www.gujaratvidyapith.org

@gvp1920